# ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેન્કસ ફેડરેશન દ્વારા આયોજિત - સ્ટેટ અંબ્રેલા

સેન્ટર ફોર બેન્કિંગ રિસર્ચ, ડેવલપમેન્ટ એન્ડ એક્સેલન્સ (સીબીઆરડીઈ)ના ઉપક્રમે સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ના કાયદામાં ૨૦૧૫માં થયેલ નવા સુધારાઓ બાબત, ટૂંક સમયમાં પ્રવેશી રહેલી ત્રણ પ્રકારની વિભિન્ન બેન્કો બાબત અને ટેક્નોલોજીના બદલાતા જતા વ્યાપ અને ઉપયોગમાં આવતીકાલની નાગરિક સહકારી બેન્કો કેવી હશે તે સંદર્ભે બેન્કોને માહિતગાર કરવા પ્રયત્નો હાથ ધર્યા છે અને તેના ભાગરૂપે અમદાવાદ શહેર અને જિલ્લાની ૪૦ નાગરિક સહકારી બેન્કો (તા. ૬-૬-'૧૫) પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લાની ૨૨ નાગરિક સહકારી બેન્કો (તા. ૩૧-૫-'૧૫) અને વડોદરા તથા છોટાઉદેપુર જિલ્લાની ૨૩ નાગરિક સહકારી બેન્કો (તા. ૧૪-૬-'૧૫) માટે અનુક્રમે અમદાવાદ, ગોધરા અને વડોદરા ખાતે એક દિવસીય તાલીમવર્ગો યોજવામાં આવ્યા હતા. ત્રણેય કાર્યક્રમોમાં વિષયો અને ફેકલ્ટી સમાન હતા.

ગોધરા અને વડોદરા ખાતે ફેડરેશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી આર. એન. જોષી, આઈએએસ, નિવૃત્ત દ્વારા "નાગરિક સહકારી બેન્કોની આજ અને આવતીકાલ" ઉપર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ગોધરા અને વડોદરા ખાતે ફેડરેશનના ટ્રેનિંગ કન્સલટન્ટ શ્રી કે. વી. લકુમે નાગરિક બેન્કોના રોજબરોજના પ્રશ્નો, ઉપર મનનીય પ્રવચન આપ્યું હતું નિવૃત્ત અધિક રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ શ્રી જી. કે. પંડ્યાએ સહકારી કાયદામાં થયેલ સુધારાઓ અંગે કલમ દીઠ વિગતવાર ચર્ચા કરી હતી.

ફેનો ટેક્નોલોજીના કન્સલટન્ટ શ્રી અજિત સૈજવાણીએ હવે પછી કેવા પ્રકારની બેન્કો માર્કેટમાં આવી રહી છે તેની વિગતો આપી હતી. ૨૦૧૫ના સહકારી કાયદાના સુધારા ઉપર ડેપ્યુટી રજિસ્ટ્રાર શ્રી જે. જે. શાહે નવા સુધારાની વિગતવાર ચર્ચા કરી હતી.

તા. ૭-૬-૨૦૧૫ના રોજ સહકાર ખાતાના ૨૦૧૧માં સીધી ભરતીથી નિયુક્ત થયેલ ૧૭ જિલ્લા રજિસ્ટ્રાર/મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારશ્રીઓને, સહકારી બેન્કિંગ, સહકારી કાયદો, સહકારી બેન્કોની આજ અને આવતી કાલ ઉપર ફેડરેશનના ફેકલ્ટી સર્વશ્રી આર. એન. જોષી, શ્રી જી. કે. પંડ્યા, શ્રી કે. વી. લકુમ, શ્રી અજિત સૈજવાણી અને ખાસ આમંત્રિત નાયબ રજિસ્ટ્રાર શ્રી જે. જે. શાહ દ્વારા દિવસ દરમિયાન ચર્ચાવિચારણા હાથ ધરવામાં આવી હતી.